નર્મદા જિલ્લામાં નવું મંજુર થયેલ
કેવડીયા ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં
સમાવિષ્ટ થતાં ગામોનુ જાહેરનામું
પ્રસિધ્ધ કરવા બાબત.

**ગુજરાત સરકાર**

ગૃહ વિભાગ

ઠરાવ ક્રમાંક: પસથ/૧૦૨૦૧૮/૧૩૨૩/વ

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૦૩/૧૦/૨૦૨૦

**વંચાણે લીધો:**

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા.૦૩/૦૭/૨૦૨૦નો પત્ર ક્રમાંક: ઈ/૧૫૩૬/જાહેરનામું/૧૦૮૦/૨૦૨૦.

(૨) ગૃહ વિભાગનો તા.૨૩/૧૦/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક:મહક/૧૦૨૦૧૮/૩૩૫૪/સ

(૩) ગૃહ વિભાગનું તા.૦૭/૦૭/૨૦૦૫, ક્રમાંક: GG/61/TTC/10-2002/1319/Vનું નોટીફિકેશન

**ઠ રા વ:**

આમુખ ક્રમ(૩)માં વંચાણે લીધેલ ગૃહ વિભાગના તા.૦૭/૦૭/૨૦૦૫ના નોટીફિકેશન ક્રમાંક:GG/61/TTC/10-2002/1319/V થી નર્મદા જીલ્લાનું મૂળ નોટીફિકેશન પ્રસિધ્ધ કરેલ છે. જે અન્વયે આમુખ ક્રમ(૨)માં વંચાણે લીધેલ ગૃહ વિભાગના તા.૨૩/૧૦/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક: મહક/૧૦૨૦૧૮/૩૩૫૪/સ થી ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ (૨ ઓફ ૧૯૭૪ ) ના સેકશન ૨ ના કલોઝ (એસ) અન્વયે મળેલ સત્તાની રૂએ **નર્મદા જીલ્લા** ખાતે નવું કેવડીયા ટ્રાફીક પોલીસ સ્ટેશન મંજુર કરવામાં આવેલ છે. આથી નવા મંજુર થયેલ કેવડીયા ટ્રાફીક પોલીસ સ્ટેશનમાં સામાન્ય પોલીસ સ્ટેશનનો પણ સમાવેશ થતો હોઇ, ટ્રાફીક પોલીસ સ્ટેશન અને સામાન્ય પોલીસ સ્ટેશને શી કામગીરી કરવાની તે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આથી, કાળજીપૂર્વકની  વિચારણાને અંતે કેવડીયા ટ્રાફીક પોલીસ સ્ટેશન અને સામાન્ય પોલીસ સ્ટેશનએ નીચે જણાવ્યા મુજબની કામગીરી કરવાની રહેશે.

**(૧) કેવડીયા ટ્રાફીક પોલીસ સ્ટેશનની કામગીરી**

સરદાર સરોવર ડેમ અને કેવડીયા ખાતે આયોજન પામેલ સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રોજેક્ટ પુર્ણ થયેલ છે. જે ભારત દેશનું અત્યંત નવુ અને મોટુ પર્યટન સ્થળ બનેલ છે. નર્મદા જીલ્લા ખાતે આવેલ અનેક સ્થળ પર્યટન સ્થળ તરીકે પ્રચલીત થયેલ છે. જેથી દેશ-વિદેશ તેમજ સમગ્ર ભારત દેશના રાજ્યોમાંથી સરદાર સરોવર ડેમ/સ્ટેચ્યુ ઓફ યુનિટી તેમજ કુદરતી સૌંદર્ય નિહાળવા હજારો/લાખોની સંખ્યામાં પ્રવાસીઓ આવે છે. જે મોટા પ્રમાણે વાહનો સાથે પ્રવાસ ખેડતા હોય છે. જેથી વધુ વાહનોની અવર-જવર રહે છે. આ માટે કેવડીયા ટ્રાફીક પોલીસે

મોટર વ્હિકલ એક્ટને લગતી કામગીરી તેમજ IPC કલમ-૨૭૯,૩૩૭,૩૩૮,૩૦૪-એ કેસોની એટલે ટ્રાફિક એકસીડન્ટને લગતી તમામ કામગીરી કરવાની રહેશે.

**(૨) સામાન્ય પોલીસ સ્ટેશનની કામગીરી**

સરદાર સરોવર ડેમ અને કેવડીયા ખાતે આયોજન પામેલ સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રોજેકટ પુર્ણ થયેલ છે. જે ભારત દેશનું અત્યંત નવું અને મોટુ પર્યટન સ્થળ બનેલ છે. નર્મદા જીલ્લા ખાતે આવેલ અનેક જોવાલાયક સ્થળો પર્યટક સ્થળો તરીકે પ્રચલીત થયેલ છે. જેથી દેશ-વિદેશ તેમજ સમગ્ર ભારત દેશના રાજ્યોમાંથી સરદાર સરોવર ડેમ/સ્ટેચ્યુ ઓફ યુનિટી તેમજ કુદરતી સોંદર્ય નિહાળવા હજારો/લાખોની સંખ્યામં પ્રવાસીઓ આવે છે. વધુ પડતી ભીડના કારણે ક્યારેક પ્રવાસીઓના પાકીટ ચોરાય તથા મારા-મારી, ઝગડાઓ જેવા અનેક ગુનાઓ થતા હોય છે. ટ્રાફીક સિવાય જે પણ ગુનો આ ટ્રાફીક પોલીસ સ્ટેશન વિસ્તારમાં બને તે ગુનાઓની તપાસ કેવડીયા પોલીસ સ્ટેશન(સામાન્ય) દ્વારા કરવાની રહેશે અને તેવા ગુનાઓને લગતી કામગીરી કરવાની રહેશે.

**3.** આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)ની તા.૨૫/૦૯/૨૦૨૦ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જીગર પટેલ)
નાયબ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા.
- પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, નર્મદા.
- સેકશન અધિકારીશ્રી આઇ.ટી.સેલ,ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
  ( વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.)
- સિલેક્ટ ફાઇલ.